# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૯  સદોમ અને ગમોરાહ (ઉત્પત્તિ અધ્યાય ૧૮-૧૯)

ઈબ્રાહિમ એ દેવનો મિત્ર હતો. દેવ ચાહતા ન હતા કે, તેઓ જે કંઈ કરે તે તેઓ ઈબ્રાહિમથી સંતાડે. આથી ઈબ્રાહિમ અને સારાહને દિકરો થશે તે જણાવ્યા પછી દેવનો દૂત સદોમ નામનાં શહેર તરફ ચાલ્યો. તેણે ઈબ્રાહિમન જણાવ્યું કે, ''સદોમ અને ગમોરાહનો પાપનો અવાજ દેવની દ્રષ્ટિમાં મોટો છે અને તેઓનાં પાપો ભયંકર છે. તેથી જે મેં સાભળ્યુ તે જોવા સારુ હું ત્યાં જાઉં છુ.'' જયારે ઈબ્રાહિમે દેવની સાથે વાર્તાલાપ સાલુ રાખ્યો ત્યારે અન્ય બે વ્યકિતઓ સદોમ તરફ ચાલ્યા ગયા. ઈબ્રાહિમે દેવને કહયું ક, ''શું તમે દુષ્ટોની સાથે ન્યાયીઓનો પણ નાશ કરશો ? શું તેમાં ૫૦ ન્યાયીઓ જોવા મળે તો પણ દુષ્ટોની સાથે તેનો નાશ કરશો ? ન્યાયીઓને દુષ્ટોની સરખા ગણવા તે તમારાથી દુર થાઓ. આખી પૃથ્વીનો ન્યાયાધીશ શું ન્યાય નહિ કરશે ?'' અને દેવે કહયું કે, ''જો સદોમ નગરમાં ૫૦ ન્યાયી જડે તો તેઓને સારુ હું આખી જગાને બચાવીશ.'' થોડી ક્ષણ ઈબ્રાહિમે વિચાર કર્યો અને ફરી પુછયું, '' જો હું ધુળ તથા રાખ જેવો હોવા છતાં દેવની આગળ બોલવાની હિંમત કરું છું. કદાચ ૫૦ ન્યાયીમાં ૫ ઓછા હોય તો પણ તમે તે નગરનો નાશ કરશો ?'' દેવે પ્રત્યુત્તર આપ્યો કે, ''જો નગરમાં ૪૫ ન્યાયીઓ હશે તો પણ હું તેનો નાશ નહિ કરું.'' આ રીતે ૪૫ થી ૪૦, ૩૦ અને ૨૦ સુધી વર્તાલાપ ચાલ્યો. દરેક વખતેદેવે તેનાં મિત્ર ઈબ્રાહિમનાં મધ્યસ્થપણાને માન્ય રાખ્યું. છેલ્લે ઈબ્રાહિમે પુછયું કે, ''શું પ્રભુ કદાચ ત્યાં ૧૦ જ જડે તો ?'' અને દેવે કહયું કે, ''૧૦ને લીધે પણ હું તેનો નાશ નહિ કરું.'' અને અમ દેવ ઈબ્રાહિમની સાથે વાત પુરી કરીને ચાલ્યા ગયા અને ઈબ્રાહિમ પોતાનાં તંબુમાં પાછો ફર્યો.

સદોમ શહેર તો 'મૃત સમુદ્ર'ની દક્ષિણે આવેલું ફળવંત અને મશહુર શહેર હતું. પુરાતત્વવિદોએ આ શહેરને શોધી કાઢયુ છે અને દર્શાવ્યુ છે કે, આશરે ૪૦૦૦ વર્ષ પહેલા અગ્નિથી આ શહેરનો નાશ થયો હશે. ઈસુ ખ્રિસ્તનાં સમયમાં આ શહેરનો ડૂબી ગયેલો ભાગ થોડે ઘણે અંશે દ્રશ્યમાન હતો તેવું જોશેફસ નામનાં સાક્ષીનું જણાવવ્ છે. આજે આ વિસ્તાર ઘણા મીટર ઉંડા પાણીમાં રહેલો છે અને આ સરોવરમાં (મૃત સરોવર) સલ્ફર અને મીઠું પુષ્કળ જોવા મળે છે, પરંતુ તેમાં કોઈ જીવ અસ્તિત્વમાં નથી.

અક ઢળતી સંધ્યાએ બે સ્વર્ગ દૂતો મનુષ્યનાં રૂપમાં સદોમમાં દાખલ થયા. તેઓએ લોતને શહેરનાં મુખ્ય દરવાજે બેઠેલો જોયો. તે સમયમાં ધંધાદારીઓ શહેરનાં મુખ્ય દરવાજે બેસીને પોતાનો ધંધો રોજગાર ચલાવતા. લોતની પાસે પણ ખુબ ધન હતુ અને તેનો ધંધો

વિસ્તરેલો હતો. જયારે તેણે દૂતોને જોયા ત્યારે પ્રણામ કરીને તે બોલ્યો, "હું તમારો ચાકર છું. મારા ઘેર પધારો. તમારા પગ ધુઓ. મારે ઘેર રાતવાસો કરો અને સવારે તમે તમારે માર્ગે ચાલ્યા જજો." સ્વર્ગદૂતે કહયું કે, " ના, આ સ્થળે અમે રાત્રી પસાર કરી શકીએ તેવું નથી." લોતે ઉત્તર આપ્યો કે, "ના, અત્યારે જ તમારે મારી સાથે મારા ઘરે વિસામો લેવો પડશે". લોત તેઓને પોતાનાં ઘરે લઈ ગયો અને તેમને સારુ તેણે ભોજન તૈયાર કર્યુ.

રાત્રે જયારે તેઓ સુવાની તૈયારી કરતા હતા ત્યારે લોકોનાં ટોળાએ તે ઘરને ઘેરી લીધું. તેઓએ બુમ પાડીને કહયું કે, "લોત, તારે ત્યાં આવેલા મહેમાનોને અમારી પાસે બહાર લાવ કે જેથી અમે તેમની સાથે વ્યભિચાર કરીએ." લોત બહાર આવ્યો અને ઘરનો દરવાજો બંધ કર્યો અને લોકોને જણાવ્યું "મિત્રો, મહેરબાની કરીને આ દુષ્કૃત્ય ન કરો. આ માણસો મારા રક્ષણ તળે આવ્યા છે. તેને બદલે હું મારી બંને દિકરીઓને બહાર કાઢી લાવુ છું."

અહિ લોત મુશ્કેલ પરિસ્થિતિમાં ફસાયો. તેની સંસ્કૃતિ પ્રમાણે ઘરમાં આવેલા મહેમાનનાં રક્ષણની જવાબદારી જે તે ઘર માલિકની થાય છે. અનિયંત્રીત ટોળાથી પોતાને બંને મહેમાનોને તે કેવી રીતે સુરક્ષા આપી શકે ? પરંતુ ટોળુ વધારે ઉશ્કેરાયુ. તેઓએ કહયું, "અમારા રસ્તાથી દૂર જા. તને અમારા પર ન્યાયાધિશ કોણે ઠરાવ્યો છે ? અને વળી તું અમારા માંનો નથી. અમે તો તે વ્યકિતઓ કરતાં પણ વધુ ખરાબ રીતે તારી સાથે વર્તન કરીશું." એમ કહીને તેઓ આગળ વધ્યા અને તેને દુર કરીને બારણુ તોડી નાખવાની કોશીશ તેઓએ કરી. તેજ ક્ષણે દૂતોએ બારણુ ખોલીને લોતને ઘરમાં લઈ લીધો. તેઓએ બારણુ બંધ કરી દીધુ અને બહાર રહેલા તમામ લોકોની, ચાહે જુવાન કે વૃધ્ધ દરેકની દૃષ્ટિને આંધળી કરી નાંખી કે જેથી તેઓ દરવાજાને ખોળા શકયા નહિ. દૂતોએ લોત તરફ ફરીને કહયું, "શું તારા કોઈ સગાઓ એટલે કે, તારા પુત્રો, પુત્રીઓ કે ભવિષ્યમાં થનારા જમાઈઓ કે જેઓ આ શહેરમાં રહે છ તેઓને બહાર કાઢી લાવ. અમે આ શહેરનો નાશ કરવા આવ્યા છીએ." લોત પોતાના જમાઈઓને કાઢી લાવવા સારુ તરત જ ગયો. તેણે કહયું, "જાગો, મારી સાથે આવો. આપણે શહેરને છોડવું પડશે કેમકે, દેવ આ શહેરનો નાશ કરશે." પણ તેઓએ તેને મજાક ગણી.

સૂર્યોદય થયો ત્યાં સુધી પણ લોતે શહેરને છોડયું નહોતું. દૂતોએ તેને કહયું, "જલદી કરો, તું અને તારુ કુટુંબ જલદી બહાર આવો જેથી આ શહેરની સાથે થયેલા ન્યાય પ્રમાણે તમારો પણ નાશ ન થાય." તેઓએ વાર કરી તો પણ દેવ તેમનાં પર કૃપાળુ હતો. અંતે દૂતોએ લોત, તેની પત્ની તથા તેની દિકરીઓનો હાથ પકડીને તે શહેરમાંથી સલામત રીતે તેમને બહાર કાઢયાં અને દૂતે પોકાર્યુ, 'તમારા જીવનને માટે દોડો. પાછળ દૃષ્ટિ કરતા નહિ જયાં સુધી તમે પર્વતોમાં ન જાઓ ત્યાં સુધી ઉભા રહેતા નહિ." ત્યારે લોતે વિનંતી કરી કે, "જો તમે મારા પ્રત્યે માયાળુ છો તો હું આ પર્વતોમાં જઈ શકતો નથી. પરંતુ મારા બાકી રહેલા જીવન માટે મને નજીકનાં આ નાના શહેરમાં જવા દો." દૂતે તે નજીકનાં શહેર તરફ દૃષ્ટિ કરી અને

જણાવ્યુ કે, "જાઓ, હું તે શહેરને બચાવીશ, પણ તું ઉતાવળે ત્યાં નાસો જા. કેમકે, તારા ત્યાં પહોંચ્યા સુધી હું કંઈ કરી શકતો નથી." ઈબ્રાહિમ તથા તેમની પ્રાર્થનાઓને કારણ દેવે લોત પ્રત્યે તેમની કૃપા દર્શાવી.

લોત તે શહેરમાં પેઠો ત્યારે સૂર્ય પુરેપુરો ઉગ્યો હતો. જેવો લોત ત શહેરમાં પેઠો ત્યારે દેવે આકાશમાંથી સદોમ તથા ગમોરાહ પર ગંધક તથા આગ વરસાવ્યા. જેનાંથી તે શહેરોનો સંપૂર્ણ નાશ થયો. દુર્ભાગ્યવશ લોતની પત્નીએ દૂતનાં શબ્દને અનાજ્ઞાંકિત થતાં પાછળ જોયુ અને ત્યાંજ તે ખારનો થાંભલો થઈ ગઈ.

બીજે દિવસે સવારે ઈબ્રાહિમ જયાં ઈશ્વરની આગળ ઉભો રહયો હતો ત્યાં ગયો અને સદોમ તરફ દૃષ્ટિ કરી. તેણે જોયું કે, તે દેશનો ધુમાડો ભઠ્ઠીનાં ધુમાડાની જેમ ઉંચે ચડતો હતો. દેવે ઈબ્રાહિમની વિનંતી સાંભળી અને લોત તથા તેની બ દિકરીઓને બચાવ્યા. પરંતુ જે તે શહેરોનો તો નાશ થયો. સદોમનો નાશ થયા પછી લોત અને તેમની બંને દિકરીઓએ તે નાના શહેરને પણ છોડી દીધુ અને પર્વતોની ગુફાઓમાં રહયા. ડરને કારણે ઈબ્રાહિમની પાસે પાછા જવાને બદલે અને તેનો પોતાના છુટકારાને માટે આભાર માનવાને બદલે તે ગુફાઆમાં રહયો. તેણે ઈશ્વરને નકાર્યો અને પોતાની આશાવિહિન પરિસ્થિતિને બદલવાનું પસંદ કર્યુ નહિ.

આ સમય, લોત અને તેની બંને દિકરીએ માટે કઠણ બન્યો. તે સમયની સંસ્કૃતિ પ્રમાણે વૃદ્ધ મા-બાપની જવાબદારી તેમના બાળકોએ લેવાની થતી. તે પ્રમાણે આ કાર્ય લોતની બંને દિકરીઓએ કરવાનું હતું. પરંતુ તેઓને પતિ ન હતો કે જે કામ કરીને ઘરની જરૂરતો પુરી પાડે. તેઓનાં પિતા પાસેની ધન સંપત્તિનો નાશ થવાને કારણે અન્ય પુરુષોને પતિ થવા સારુ તેઓ આકર્ષિ શકે તે અશકય હતું. જયારે તેઓ બંને મોટી થાય અને વૃધ્ધ બને તો તેઓને માટે કોણ ? તેઓની હાલત અત્યંત ખરાબ થઈ જાય. હવે બાળકો તરીકે તેઓએ વિચાર્યુ હોત કે પોતાનાં ધનવાન કાકા ઈબ્રાહિમ પાસે તેઓ પાછા જાય. ઈબ્રાહિમ પાસે તેઓને મદદ કરવા સારુ ઘણી સંપત્તિ હતી. જેનાંથી તેમનાં લગ્ન થઈ શકે અને નાણા પણ મળે કે જેથી ફરીથી તેઓ પોતાનું જીવન પ્રસ્થાપિત કરે. પરંતુ બંને દિકરીઓ તો દુષ્ટ શહેરમાં ઉછરી હતી. એ જગ્યા કે જયાં વ્યભિચાર સામાન્ય ગણવામાં આવતો. આથી તેઓએ પોતાનાં પ્રશ્નનો દુષ્ટ રીતે ઉત્તાર લેવાનું પસંદ કર્યુ. એક દિવસ બંનેએ દુષ્ટ યોજના ઘડી કાઢી કે જે સદોમમાં સમાયેલ l હતી. લોતની દિકરીઓ સદોમમાં ઉછરી એટલુ જ નહિ પણ તેઓએ સદોમનાં લોકોનાં દુષ્ટ વિચારોને સ્વીકાર્યા હતા. એક રાત્રીએ તેઓએ પોતાનાં પિતાને પુષ્કળ દારુ પાયો ત્યાં સુધી કે લોત ભાન ભુલી જાય. તે રાત્રે મોટી દિકરી તેની સાથે સુઈ ગઈ. લોત એટલો પીધેલો હતો કે, તે જાણી શકયો નહિ કે, તેની મોટી દિકરી સાથે તેણે વ્યભિચાર કર્યો છે. બીજી રાત્રીએ તે જ પ્રમાણે તેન પીધેલો બનાવીને નાની દિકરી તેની સાથે સુઈ ગઈ. એમ કરીને બંને દિકરીઓ તેનાંથી ગર્ભવતી થઈ. તેઓ ચાહતા હતા કે, પોતાનાં બાપ થકી તેઓનો વંશ રહે.

પરંતુ, તેઓનું કાર્ય દેવની કુટુંબની યોજનાથી વિરૂધ્ધનું થયુ. મોટી દિકરીએ જે બાળકને જન્મ આપ્યો તે મોટો થઈને મોઆબી લોકોનો પિતા થયો. નાની દિકરીએ પણ જેને જન્મ આપ્યો તે આમ્મોની લોકોનો પિતા થયો. બંનેનાં વંશજો બે મોટા રાષ્ટ્રો તરીકે સ્થાપિત થયા. ૫૦૦ વર્ષ પછી બંને રાષ્ટ્રો ઈસ્રાએલનાં લોકો માટે મુશ્કેલીનું કારણ બન્યા કે જેથી દેવે ઈબ્રાહિમને આપેલા વચન પ્રમાણે તેઓ વચનનાં દેશમાં પ્રવેશ કરી શકે નહિ. સૌથી વધુ દુ:ખની બાબત એ છે કે, લોત દેવને જાણતો હતો અને તેને ન્યાયી માણસ ગણવામાં આવતો હતો. વળી સદોમનાં પાપોથી તે દુ:ખી થતો હતો તો પણ તેનાં વંશજોનાં ૫૦૦ વર્ષનાં ઈતિહાસમાં કોઈ એક વ્યકિત પણ એવો નોંધાયો નથી કે જે દેવને જાણતો હોય.

આ અભ્યાસનું મહત્વ એ દર્શાવે છે કે, પાપીઓ ઉપર ઈશ્વર ન્યાય તથા દયા બંને દર્શાવી શકે છે. ઈશ્વર જાણે છે કે, દુનિયામાં શું થઈ રહયું છે. લોતને કારણે ઈબ્રાહિમે મધ્યસ્થતા કરી ખરા, પરંતુ દેવ ન્યાયી હોવાને કારણે સદોમનાં લોકોનો ન્યાય કરે છે. જો કે, તેઓએ પોતાના જિંદગીનાં વર્ષો પાપી શહેરમાં કાઢયા તો પણ દેવે લોત તથા તેનાં કુટુંબો પર દયા દર્શાવી.

આ ઘટના દવારા આપણે શીખી શકીએ છીએ કે, દેવ પોતાનાં લોકોને તેઓ પ્રત્યેનાં પુષ્કળ પ્રેમને કારણે ન્યાયથી બચાવે છે તો પણ તે ચાહે છે કે, લોકો તેમને આધિન થાય. પાપનું પણ એક પરિણામ છે. કદાચ તે તાત્કાલીક ન દેખાય તો પણ જીંદગીનાં પાછલા વર્ષોમાં તેને અનુભવવું પડે છે.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો :

પ્ર.૧ ઈશ્વરના ન્યાયાધિશ તરીકેનાં ગુણધર્મ છતાં કઈ સચ્ચાઈ બાબતે ઈબ્રાહિમ જાણતો હતો ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે, –ઈબ્રાહિમ જાણતો હતો કે, સમગ્ર પૃથ્વીનો ન્યાયાધિશ શું દયા નહિ દર્શાવે ?– તો તમે સાચા છો.

પ્ર.૨ દેવે બે દૂતોને સદોમ શહેરમાં શા માટે મોકલ્યા ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે,– દેવે તેમને તે શહેરનો નાશ કરવા મોકલ્યા કેમકે તેમાંનું પાપ ઘણું હતુ – તો તમે સાચા છો.

પ્ર.૩ શા માટે લોતની પત્ની ખારનો થાંભલો થઈ ગઈ ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે,– તેણીએ દૂતની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યુ અને પાછળ જોયું – તો તમે સાચા છો.

તમારા મિત્રોને જેઓએ આ વાત સાંભળી નથી તેઓને આ વાત કહો. લોતની પત્નીએ નિર્ણય કરી શકી નહિ કે દેવની આજ્ઞાને આધિન થવુ કે પોતાની મરજી પ્રમાણે કરવું, ત્યાંથી

દૂર જવું કે શહેરમાં રહેવું. તેનો અયોગ્ય નિર્ણય અન્ય અધર્મીઓની સાથે તેનાં મરણનું કારણ બન્યું.

ઈસુ ખ્રિસ્ત આપણને લુક ૧૭:૩૨માં લોતની પત્નીની યાદ અપાવે છે. આપણે આપણાં હૃદયને જગતનાં આનંદમાં ફસાવા દેવું ન જોઈએ કે જેનો અત આખરે નાશ અને મૃત્યુ છે.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુંછોં અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.